For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in



**ભરૂચમાં નર્મદા મૈયા બે કાંઠે** \ ભરૂચ -વડોદરા જિલ્લાનાં વહીવટી તંત્રે કાંઠાના ગામોને સાવચેત કર્યા

# ડેમના 15 દરવાજા ખુલ્યા, નર્મદા નદીમાં 4.86 લાખ ક્યુસેક પાણી છોડાયું

**ભરૂચમા** ગોલ્ડન બ્રિજે સપાટી 13 ફૂટે પહોચી

(પ્રતિનિધિ) ભરૂચ / વડોદરા,તા.1

સરદાર સરોવર નર્મદા ડેમમાંથી શુક્રવારે બપોરે 15 દરવાજા ખોલતા કલાકો બાદ નર્મદા નદીના નીચાણવાસમાં પાણી આવવાની સંભાવનાના પગલે ભરૂચ વહીવટી તંત્ર સજ્જ બની ગયું છે.ઉપરવાસમાં ભારે વરસાદના કારણે સરદાર સરોવરમાં વિપુલ આવક થતા શુક્રવારે 15 દરવાજા ખોલી 4,36 લાખ ક્યુસેક પાણી છોડાતા ભરૂચના કાંઠા વિસ્તારોને એલર્ટ કરવામાં આવ્યા છે.

મધ્યપ્રદેશમાં ભારે વરસાદને લઈ નર્મદા ડેમમાં પાણીની ભારે માત્રામાં આવક શરૂ થતાં ડેમ પ્રશાસને ગુરૂવારથી ડેમના દરવાજા ખોલવાની ફરજ પડી હતી.ઉપરવાસમાંથી પાણીનો પ્રવાહ આજે શુક્રવારે વધતા બપોરથી ડેમના 15 દરવાજા 3.80 મીટરથી ખોલી નખાયા છે. જેમાં નદીમાં 3.86 લાખ ક્યુસેક પાણી ઠલવાતા નદી બે કાંઠે વહે તેવી શકયતા તેજ બની છે.

ભરૂચ જિલ્લા પ્રશાસને કાંઠા વિસ્તારના ગામોને એલર્ટ રહેવા સૂચના જારી કરી છે. બપોરે ગોલ્ડનબ્રિજ ખાતે જળ સપાટી 13 ફૂટ નોંધાઈ હતી. ગોલ્ડનબ્રિજે નદીનું વોર્નીંગ લેવલ 22 ફૂટ અને ભયજનક સપાટી 24 ફૂટ રહેલી છે. શુક્રવારે સાંજે નર્મદા ડેમની સપાટી 131.92 મીટરે પોહચી હતી. ડેમ તેની સર્વોચ્ચ સપાટી 138.68 મીટરથી 6.76 મીટર જ દૂર છે. જળસંગ્રહ જળાશયમાં 80 ટકા જેટલો થઇ ગયો છે.

ડેમ સત્તાધીશો સાથે ભરૂચ જીલ્લા વહીવટી તંત્ર સ્થિતિ પર નજર રાખી કાંઠાના ગામોને સાવચેત કરી દીધા છે. ભરૂચ જીલ્લાના અંકલેશ્વર,હાંસોટ,વાગરા અને ભરૂચ તાલુકાના નર્મદા કાંઠે રહેતા ગ્રામજનો, માછીમારો અને લોકોને નદીમાં નહિ જવા સૂચન કરાયું છે.



નર્મદા નદીમાં 4.86 લાખ ક્યુસેક પાણી છોડાતાં ગોલ્ડન બ્રિજની સપાટી 13 ફૂટે પહોંચી હતી. જિલ્લા પ્રશાસદને કાંઠા વિસ્તારના ગામોને એલર્ટ જાહેર કર્યા હતા.

## નર્મદા બે કાંઠે થઇ, નારેશ્વર અને ભંડારેશ્વર ઘાટના પગથિયા ડૂબ્યા

**શિનોર :** ઉપરવાસમાં વરસાદ ને લઈ સરદાર સરોવર માં પાણીની સતત આવક થતા તંત્ર દ્વારા નર્મદા ડેમમાંથી તબક્કાવાર નર્મદા નદીમાં પાણી છોડાઇ રહ્યું છે. સરદાર સરોવર ડેમના 15 દરવાજા 3.80 મીટર ખોલી 3,86,000 ક્યુસેક પાણી નદીમાં છોડાયું છે. આના કારણે વડોદરાના શિનોર , કરજણ તાલુકાના નર્મદા નદી કિનારે આવતા ગામોને તંત્ર દ્વારા એલર્ટ કરાયા છે. શિનોરના નર્મદા નદી કાંઠા વિસ્તારના ગામો માલસર, માંડવા, અંબાલી, ઝાંઝડ, સુરાશામળ, બરકાલ, બીથલી, દરિયાપુરા, મોલેથા, કંજેઠા, મીંઢોળ નર્મદા નદીના પાણીથી પ્રભાવિત થતા શિનોર તાલુકાના 11 ગામોના તલાટી તેમજ સરપંચોને શિનોર મામલતદાર મુકેશ બારીયા દ્વારા ખડે પગે રહેવાની સૂચના અપાઈ છે તેમજ કોઈ અનિચ્છનીય બનાવ ન બને જેના ભાગરૂપે તંત્ર દ્વારા પોલીસ ગોઠવવામાં આવ્યા છે. શિનોર મામલતદારે શિનોરની જાહેર જનતાને નર્મદા નદી કાંઠે ન જવા અપીલ કરી છે. કરજણ નારેશ્વર નર્મદા નદીના ઘાટના અંદાજિત 60 પગથિયાંમાંથી 12 જેટલા પગથિયાં નર્મદા નદીના પાણીમાં ગરકાવ થયા છે. જ્યારે શિનોર નર્મદા નદી કિનારે આવેલા ભંડારેશ્વર મહાદેવ મંદિરના ઘાટના અંદાજિત 100 જેટલા પગથિયાંમાંથી અંદાજિત 50 જેટલા પગથિયાં નર્મદા નદીના પાણીમાં ગરકાવ થયા છે. શિનોર નર્મદા નદીના પાણીમાં જોવા કરંટ જોવા મળ્યો છે. જ્યારે શિનોર ના માલસર શ્રી સત્યનારાયણ ભગવાનના મંદિરના ઘાટે નર્મદા નદીના પાણીનો વધારો જોવા મળ્યો છે.



**સિટી ઇજનેર અલ્પેશ મજુમદારની હાજરીમાં જ નબળી કામગીરી ઝડપાઈ**

# 17 લાખના ખર્ચે તૈયાર કરાયેલા તરસાલી કૃત્રિમ તળાવનો કાચો રસ્તો 'કાચો' રહ્યો!

**રોલિંગ,** વોટરિંગ કર્યા વિના વેઠ ઉતાર કામગીરી કરી દેવાતા પાલિકાનું વાહન કાચા માર્ગમાં ફસાયું

(પ્રતિનિધિ) વડોદરા તા.1

વડોદરા શહેરમાં દશામા વિસર્જન માટે મહાનગર પાલિકા દ્વારા અલગ અલગ વિસ્તારોમાં કુલ 7 કૃત્રિમ તળાવ બનાવવામાં આવી રહ્યા છે. તેમાંથી એક તળાવ તરસાલી ખાતે તૈયાર કરવામાં આવી રહ્યું છે. અંદાજિત 17 લાખ રૂપિયાના ખર્ચે આ તળાવ અને તેના આસપાસનો માર્ગ તૈયાર કરવામાં આવી રહ્યો છે. ગતરોજ બપોરે પાલિકા કમિશનર, પોલીસ કમિશનર અને સ્થાયી સમિતિના ચેરમેન ડૉ. શીતલ મિસ્ત્રીએ તરસાલી તળાવની મુલાકાત લીધી હતી. આ સ્થળે દક્ષિણ ઝોનના અધિકારી અલ્પેશ મજુમદાર પણ હાજર હતા. જોકે, તેમની હાજરીમાં જ પાલિકાનું જ એક વાહન તળાવ પાસેના કાચા માર્ગમાં ફસાઈ ગયું હતું. આ ઘટનાએ કામગીરીની ખરાઈ ખુલ્લી પાડી હતી. વાહનને બહાર કાઢવામાં ઘણી મહેનત કરવી પડી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે, કાચો માર્ગ બનાવાયા બાદ તેને બે થી ત્રણ દિવસ સુધી યોગ્ય વોટરિંગ અને રોલિંગ કરવું ખૂબ જરૂરી છે. તેમ છતાં યોગ્ય રોલરીંગ અને વોટરીંગ ન કરતા આવી પરિસ્થિતિનું નિર્માણ સર્જાયું. એટલું જ નહીં, અલ્પેશ મજુમદાર ખુદ સિટી ઈજનેર હોવા છતાં તેમને આ બેદરકારીને વખોડવાને બદલે બચાવ કર્યો.

દશામાં વિસર્જન માટે શનિવાર રાત્રે હજારો ભક્તો અહીં આવશે. તેવા સમયે પણ તળાવ નજીકના માર્ગનું કામ શુક્રવાર સુધી પૂરુ થયેલું નહોતું. સાંજે 4:15 સુધી પણ આસપાસના કાચા રસ્તાનું કામ ચાલુ હતું. પાલિકા લોકોની સુવિધા માટે લાખો રૂપિયાનો ખર્ચ કરે છે, પરંતુ કામની ગુણવત્તા પર જો ધ્યાન ના અપાય તો આખી વ્યવસ્થા પર પ્રશ્નો ઊભા થાય છે. સામાન્ય બાબતોમાં પોતાના ઝોનના કર્મચારીઓને નોટિસ આપનારા અધિકારી અલ્પેશ મજુમદારની હાજરીમાં આવી બેદરકારી સામે આવતા હવે પ્રશ્ન એ છે કે તેમને જવાબદાર કોણ ઠરાવશે ? બીજી તરફ પાલિકા તરફથી દશામાં વિસર્જન માટે તમામ પ્રકારની તૈયારી કરવાની વાત કહેવાઈ રહી છે, પરંતુ તરસાલીથી સામે આવેલી સ્થિતિ જુદું જ ચિત્ર રજૂ કરે છે. હવે આ કામગીરીમાં ખામી બદલ જવાબદારી ફાળવવામાં આવે છે કે નહિ, તે દિશામાં સૌની નજર છે.



બે-ત્રણ દિવસ પહેલા પૂર્ણ કરવાની કામગીરી બેદરકાર અધિકારીઓને લીધે પાલિકાએ ગતરોજ સાંજે 4:15 કલાક સુધી તરસાલી કૃત્રિમ તળાવના કાચા માર્ગની કામગીરી કરવી પડી હતી. **(તસવીરઃ રણજીત સૂર્વે)**

### દશામાતાની વિસર્જન યાત્રા અંગે નો પાર્કિંગ ઝોન સાથેનુ જાહેરનામુ પ્રસિદ્ધ

વડોદરા શહેરના વિવિધ વિસ્તારોમાં આસ્થાભેર 24 જુલાઇના રોજથી દશામાતાજીની પ્રતિમાની સ્થાપન કરવામાં આવી હતી. ત્યારે ભક્તો દ્વારા દસ દિવસ સુધી માતાની ભક્તિભાવ સાથે પુજા અર્ચના કરાઇ હતી. ત્યારે 2 ઓગષ્ટના રોજ માતાજીની પ્રતિમાનું વિસર્જન છે. પોલીસ અને પાલિકા દ્વારા સંયુક્ત રીતે કામગીરી કરી શહેરના હરણી, કિશનવાડી, બિલ ગોરવા, તરસાલી મકરપુરા ગામ બનાવેલા કૃત્રિમ તળાવમાં માતાની પ્રતિમાના વિસર્જન માટે તૈયાર કરાયા છે. વિસર્જન દરમિયાન માતાજીની વિસર્જન યાત્રા નીકળવાની હોય ત્યારે પોલીસ કમિશનર નરસિમ્હા કોમારે અન્ય વાહનચાલકોને મુશ્કેલી ના પડે માટે નો એન્ટ્રી, વૈકલ્પિક વ્યવસાથ તથા ડીજે ડાઇવર્ઝન સાથેનું જાહેરનામુ પ્રસિદ્ધ કરાયું છે. વિસર્જન પ્રક્રિયા બંધ ના થાય ત્યા સુધી જાહેરનામુ અમલમાં રહેશે.



યોગ્ય રોલિંગ-વોટરિંગના અભાવે પાલિકાનું જ વાહન તરસાલી કૃત્રિમ તળાવના કાચા બનાવાયેલા માર્ગમાં ફસાયું હતું. જેને ભારે જહેમત બાદ બહાર કાઢવામાં આવ્યું હતું.

**જુદા-જુદા મંડળોએ લોકભાવના મુજબ નિર્ણય લેવાની માંગ ઊઠાવી**

# શહેરમાં ગણેશ ઉત્સવના બેનરો જબરદસ્તી હટાવતા મંડળોમાં આક્રોશ

**તહેવારની** શાંતિ અને લોકોને કોઈ મુશ્કેલી ના પડે, એ પ્રમાણે સમજૂતીના આધાર પર નિર્ણય લેવાય તેવી સમગ્ર શહેરમાંથી માગ ઉઠી

(પ્રતિનિધિ) વડોદરા તા.1

વડોદરા શહેરમાં ગણેશોત્સવ અને જન્માષ્ટમી જેવા ધાર્મિક તહેવારો માટે મૂકાયેલા બેનરો અને પોસ્ટરો મહાનગરપાલિકા દ્વારા અચાનક હટાવવા નિર્ણય લેવાતા ગણેશ પંડાલો, મંડળો માં આક્રોશ, આ ઘટનાને લઈને શહેરના અનેક ગણેશ પંડાલો અને મંડળોમાં અચાનક અસંતુષ્ટિ ફેલાઈ છે.

શહેરના પ્રતાપમડઘા પોળના ગણેશ મંડળના આગેવાન જય



ઠાકોરે પાલિકાને સ્પષ્ટ રીતે પોતાની વાત કહીને વિરોધ કર્યો. પાલિકાના અધિકારીઓને સમજાવતી ચેતવણી આપી કે સ્થાનિક તહેવારોમાં પારંપરિક રીતે બેનરો મૂકાય છે અને તેને દૂર કરવું યોગ્ય નથી. તેઓએ મેયર અને સ્ટેન્ડિંગ ચેરમેનને સંબોધીને ફેસબુક લાઈવ દ્વારા પોતાની માંગ ઈચ્છા વ્યક્ત હતી.

સાથે જ, શહેરના વિવિધ ગણેશ મંડળો અને પુજા આયોજકોનું કહેવું છે કે ધાર્મિક તથા સાંસ્કૃતિક કાર્યક્રમો માટે બેનરો મૂકવાની પરવાનગી મળી રહે તેવી માંગ શાંતિ પૂર્વક ઉઠાવી છે.

અત્યાર સુધી શહેરના ઘણા વિસ્તારોમાં બેનરો કાઢી દેવામાં આવ્યા છે, જેના કારણે કેટલાક પંડાલોમાં તહેવારની તૈયારી પણ ખોરવાઈ છે. જુદા-જુદા વિસ્તારમાં રહેતાં લોકોનો પણ એ કેહવુ છે કે પાલિકાએ નિયમ લાવવા પહેલાં પાલિકાએ બધા મંડળોને સાથે બેસી નિર્ણય માટે બેઠક કરી લોકો શું ઈચ્છે છે તે વિચારીને જ નિર્ણય લેવો જોઈએ, અને લોકભાવના મુજબ નિર્ણયો લેવા જોઈએ.

તહેવારની શાંતિ અને લોકોને કોઈ મુશ્કેલી ના પડે, એ પ્રમાણે સમજૂતીના આધાર પર નિર્ણય લેવાય તેવી સમગ્ર શહેરમાંથી માગ ઉઠી રહી છે.

### સસ્પેન્ડેડ સાજણ આહીરને તેના ઘરેથી રાજકોટ લઈ જવાયો

(પ્રતિનિધિ) વડોદરા તા.1

વડોદરા પાસેથી પસાર થતા એક્સપ્રેસ વે પરથી ગ્રામ્ય એલસીબી પોલીસની ટીમે ટેન્કરમાંથી અઢી કરોડ ઉપરાતનો વિદેશી દારૂનો જથ્થો ઝડપી પાડ્યો હતો. ત્યારે દારૂના બૂટલેગર પાસેથી એસએમસીના કોન્સ્ટેબલ સાજણ આહીરે બુટલેગર પાસેથી રૂ.15 લાખનો તોડ કર્યો હોવાની સ્ફોટક વિગતો બહાર આવી હતી. જેથી સાજણ આહિરને સસ્પેન્ડ કરી દેવાયો હતો અને તેના સામે ગુજસીટોકનો ગુનો પણ નોંધ્યો હતો. ત્યારે આ સસ્પેન્ડ કર્મચારી વિરુદ્ધ તપાસ કરવા માટે એસઆઈટની રચના કરાઈ છે. જેમાં આરોપીના 30 દિવસના રિમાન્ડ પુરા થતા તેને ફર્ધરમાં રિમાન્ડ કોર્ટમાં રજૂ કરતા 2 ઓગષ્ટ સુધીના વધુ રિમાન્ડ મળ્યા હતા. જેથી પોલીસ આરોપી સાજણ વિરા આહીરને તેના દારકા જિલ્લામાં જામનગર રોડ પર આવેલા જેકેવી નગર -4 ખાતે ત્યારબાદ રોજકોટમાં તપાસ કરવા માટે લઇ ગઇ હતી. દરમિયાન આજે 2 ઓગષ્ટના રોજ તેના રિમાન્ડ પુરા થતા હોય ફરી તેને કોર્ટમાં રજૂ કરાશે.

### HDFCના સીડીએમ મશીનમાંથી 500ના દરની 27 ડુપ્લીકેટ નોટ મળી

(પ્રતિનિધિ) વડોદરાતા.1

માંજલપુર વિસ્તારમાં આવેલી એચડીએફસી બેન્કના ડેપ્યુટી મેનેજર સીડીએમ મશીનમાંથી કેસ કાઢવા માટે ગયા હતા. ત્યારે ભારતીય ચલણની 500ના દરની 27 ડુપ્લીકેટ નોટ મળી આવી હતી. જેની તપાસ કરતા તેમની જ બેંકમાં ખાતું ધરાવનાર મકરપુરા ના એકાઉન્ટ હોલ્ડર ચિલ્ડ્રન બેન્ક ઓફ ઈન્ડિયા લખેલી ડુપ્લીકેટ નોટો મશીનમાં જમા કરાવી હોવાનું જાણવા મળ્યું હતું જેથી ડેપ્યુટી મેનેજરે આ ખાતાધારક વિરુદ્ધ ફરિયાદ નોંધાવી છે. 27 ડુપ્લીકેટ 500 ની નોટ ડીસીબી પોલીસ સ્ટેશનમાં જમા કરાવાઈ છે.

દિવાળીપુરા વિસ્તારમાં શ્રેયા ઉન્નતભાઈ શાહ માંજલપુર વિસ્તારમાં આવેલી એચડીએફસી બેન્કમાં ડેપ્યુટી મેનેજર તરીકે નોકરી કરે છે. બેંકના નિયમ મુજબ દરરોજ બેન્કમાં સી.ડી.એમ મશીનોમાં જમા થયેલી કેશ સવારે બેંક ચાલુ થાય તે પહેલા કાઢવાની હોય છે. જેથી રૂટીન મુજબ તેઓ બે જાન્યુઆરી 2025ના રોજ સવારે આસીસ્ટંટ મેનેજર (કેસીયર) ઝલક ગાંધી સાથે કેશ ડીપોઝીટ મશીનમાં જમા થયેલી કેશ કાઢવા માટે ગયા હતા અને સી.ડી.એમ મશીન ચાવી વડે ખોલી તેમાની અલગ અલગ દરની નોટો કાઢી હતી ત્યારે અસલ નોટો સીવાય સી.ડી.એમ મશીનમાં જમા થયેલી ભારતીય ચલણની 500ના દરની 27 બનાવટી નોટો મળી આવી હતી. જે નોટો ઉપર CHILDREN BANK OF INDIA લખેલુ છે. આ તમામ નોટો ખોટી હોવાનુ જાણતા હોવા છતાં કોઈ શખસે સીડીએમ મશીનમાં આ નોટો ડિપોઝિટ કરાવી હતી.

ડેપ્યુટી મેનેજર દ્વારા મળી આવેલી 500 ના દરની 27 ડુપ્લીકેટ નોટો ડીસીબી પોલીસ સ્ટેશનમાં જમા કરાવવામાં આવી છે. આ બનાવટી નોટો મશીનમાં કોણે નાખી તે બાબતે સીસ્ટમમાં તપાસ કરતા ગત 1 જાન્યુઆરીના રોજ રાત્રીના દસ વાગ્યાના અરસામાં એચ.ડી.એફ.સી બેન્ક માંજલપુર શાખામાં એકાઉન્ટ ધરાવનાર ચંદન સુરેશ ચરણ ( રહે.વ્રજ રેસીડેન્સી, એર ફોર્સ સ્ટેશન પાછળ, મકરપુરા વડોદરા)નો હોવાનું જાણવા મળ્યું હતું.